સંકેત કરતી બિલાડી

જાપાની લોકકથા


કોકો નિશીઝુકા ચિત્ર: રોઝાન



ઘણા સમય પહેલા સમુદ્રના કિનારે એક ગામમાં, માટીથી ખરડાયેલી એક સફેદ બિલાડી યોહેઈના દરવાજા પર દેખાઈ. યોહેઈ બહુ ગરીબ હતો, પણ એણે એ રખડતી બિલાડીનું સ્વાગત કર્યું અને એના અદ્રશ્ય થઈ જતા પહેલા એને પોતાના રાતના ખાવાનામાંથી થોડું ખાવાનું આપ્યું. પછી, જયારે યોહેઈના પિતા બીમાર પડયા, તો એ બહુ હતાશ થઈ ગયો - જો એ પિતાની દેખભાળ માટે ઘરે રહે તો કામ કેવી રીતે કરી શકે? પણ એ નાની સફેદ બિલાડીને યોહેઈની ઉદારતા યાદ આવી, અને એ દરેક વખતે પંજો હલાવીને એને માટે મદદ લઇને પાછી ફરી.


સંકેત કરતી બિલાડી

જાપાની લોકકથા






ઘણા સમય પહેલા યોહેઈ નામનો એક નાનો છોકરો એના પિતા સાથે સમુદ્ર કિનારે એક ગામમાં રહેતો હતો.રોજ સવારે, જયારે સૂરજ સમુદ્રમાંથી ડોકિયું કરતો હતો, ત્યારે એ ઉઠીને માછલી ખરીદવા બંદર પર જતો હતો. પછી એ માછલીઓને ઘરે-ઘરે જઈને વેચતો હતો. એના ખભા પર સંતુલિત એક વાંસના બંને છેડે ડ્રમમાં એ માછલીઓ રાખતો હતો. યોહેઇ બહુ તનતોડ મહેનત કરતો હતો, છતાં એ બહુ ગરીબ હતો.



પણ જયારે એના પિતા બીમાર પડયા ત્યારે યોહેઈએ દવા ખરીદવાના પૈસા માટે વધારે મહેનત કરી. પણ એકવારમાં એ ફક્ત બે ડ્રમમાં માછલીઓ લઈ જઈ શકતો હતો. એને અફસોસ થતો કારણકે એ વધારે માછલીઓ વેચી શકતો ન હતો.

એક વરસાદની સાંજે, જયારે યોહેઇ ઘરમાં ભાત રાંધી રહ્યો હતો, ત્યારે એને દરવાજા પર ટકોરા સંભળાયા. જયારે એણે દરવાજો ખોલ્યો, તો એણે બહાર એક બિલાડીને વરસાદમાં ધ્રૂજતી જોઇ. એનું સફેદ ફર કાદવથી ખરડાઇ ગયું હતું. બિલાડીએ મ્યાઉં કર્યું, જાણે એ અંદર આવવા માટે અનુમતિ માગી રહી હોય.



"એક ગરીબ રખડતી બિલાડી!" યોહેઇએ એને અંદર આવવા દીધી. એણે બિલાડીને એક ટુવાલથી લૂછી. એના પિતાને રાતનું ખવાનું આપ્યા પછી યોહેઇએ એની પ્લેટમાં જે અલ્પ ભાત અને માછલી હતા એમાંથી અડધું ખાવાનું બિલાડીને આપ્યું.

ખાઇ લીધા પછી બિલાડી યોહેઈના ખોળામાં કૂદીને બેસી ગઈ અને એનું સુંવાળું સફેદ ફર રગડવા લાગી. યોહેઈના પેટમાં ભૂખને લીધે ગડગડાટ થઈ રહ્યો હતો, પણ બિલાડીના ઘુરઘુર અવાજે એને ખુશ કરી દીધો. બીજે દિવસે સવારે, બિલાડી જતી રહી હતી.



ત્રણ દિવસ પછી, જયારે યોહેઇ ગામમાં માછલી વેચી રહ્યો હતો, ત્યારે એનો પાડોશી માસા એની પાસે દોડીને આવ્યો. "યોહેઇ, જલ્દી ઘરે ચાલ, તારા પિતાને બહુ વધારે તાવ આવે છે!"



યોહેઇ તાજી માછલીઓથી ભરેલા ભારે ડ્રમ ઉપાડીને તરત ઘર તરફ દોડયો. જયારે એ ઘરે પહોંચ્યો તો બિલાડી દરવાજા પાસે જ ઉભી હતી. પણ યોહેઇ એના પિતા પાસે ગયો. એણે એના પિતાના કપાળ પર એક ઠંડુ અને ભીનું પોતું મૂક્યું. જયારે એના પિતાને થોડું સારું લાગ્યું, તો યોહેઈએ માછલીઓ તરફ જોયું અને નિસાસો નાખ્યું. "હું શું કરું? હું આજે માછલીઓ વેચવા બહાર નહીં જઇ શકું, અને કાલ સુધીમાં માછલીઓ સડી જશે."







અચાનક કોઈએ દરવાજો ખખડાવ્યો. જયારે યોહેઇએ દરવાજો ખોલ્યો, તો રંગીન રેશમી કિમોનો પહેરેલી એક યુવતી એની સામે ઉભી હતી.

"હલ્લો, હું તમારી શું મદદ કરી શકું?" યોહેઇએ આશ્ચર્યથી પૂછ્યું.

"શું તું માછલી વેચનાર છે? " એણે લાકડાના ડ્રમમાં રહેલી માછલીઓ તરફ ઈશારો કરીને પૂછ્યું. "કેટલું રમુજી છે, કે એક બિલાડી એક ગ્રાહકને માછલી વેચનાર પાસે લઇ આવે છે!" યુવતી એના કિમોનોની બાંયથી એનું મોઢું ઢાંકતા ધીમેથી હસી.

"તમે શું કહેવા માંગો છો?" યોહેઇએ પૂછ્યું.


"શું એ સફેદ બિલાડી તારી નથી? જેવો મેં મારો સીવણ કલાસ છોડયો, એણે મને જોઈને મ્યાઉં કર્યું. થોડા પગલાં ચાલીને એણે એનો પંજો હલાવ્યો જાણે એ કહી રહી હોય, 'મારી સાથે ચાલો.' એ એટલી મનોહર લાગી કે મેં એનો પીછો કર્યો."





યોહેઇ દંગ રહી ગયો. એણે એને જણાવ્યું કે કેવી રીતે બિલાડી પહેલી વાર એને મળવા આવી હતી. "કેટલી વિલક્ષણ બિલાડી છે!" યુવતીએ સ્મિત કરતા કહ્યું. "તો એ મને તારી માછલીઓ ખરીદવા માટે અહીં બોલાવી લાવી હશે!" પછી એણે એને ત્રણ માછલીઓ બાંધીને આપવા કહ્યું. યોહેઇએ એનો આભાર માન્યો.





થોડીવાર પછી, યોહેઇએ એના દરવાજા પર ફરી ટકોરા સાંભળ્યા. જયારે એણે દરવાજો ખોલ્યો તો એણે બહાર એક વૃધ્ધ વ્યક્તિને જોઇ, જેની પાસેના શહેરમાં એક મોટી દુકાન હતી.

"હેલો, મહાશય. આજે તમે અહીં કેવી રીતે આવ્યા?" યોહેઇએ પૂછ્યું. એક શ્રીમંત વેપારીને એના નાના ઘરમાં આવેલો જોઇને યોહેઇને આશ્ચર્ય થયું. "તો આ તારી બિલાડી હતી!" વેપારીએ એની આંખો પહોળી કરતા પૂછ્યું. "તારી બિલાડીએ મને માછલીઓ વિષે વાત કરતા સાંભળ્યો હશે."

"માછલીઓ વિષે?" યોહેઇએ પૂછ્યું.

"આજે સવારે મારી વહુએ એક બાબાને જન્મ આપ્યો. મારે મારા પૌત્રના માનમાં એક પાર્ટી માટે દસ મોટી સ્નેપર માછલી જોતી હતી. જયારે હું માછલીઓની શોધમાં ઘરેથી નીકળ્યો, તો તારી સફેદ બિલાડીએ મારી પાસે આવીને મ્યાઉં કર્યું અને એના પંજાથી મને ઈશારો કર્યો." પછી વેપારીએ બિલાડીની નકલ કરતા પોતાનો હાથ હલાવ્યો. "એટલે મારે એ બિલાડીનો પીછો કરવો જ પડયો. અને અહીં તારી પાસે એ માછલીઓ છે!"

યોહેઇ એટલો ચકિત થયો કે એણે વેપારીને એના પિતા વિષે જણાવ્યું અને બિલાડી એના ઘરે કેવી રીતે આવી હતી એ આખી વાત કહી.






"હે દયાળુ ઈશ્વર! એ તારે માટે ગ્રાહકોને શોધી-શોધીને લાવી રહી છે!" વેપારીએ કહ્યું. " મેં ક્યારેય કોઈ બિલાડીને આ રીતે દયાનો બદલો ચુકવતા સાંભળ્યું નથી. આ દિવસોમાંતો, લોકો પણ આભાર વ્યક્ત કરવાનું ભૂલી જાય છે." પછી વેપારીએ એક ચાંદીનો સિક્કો કાઢ્યો, જે માછલીઓનું એક આખું ડ્રમ ખરીદવા માટે પર્યાપ્ત હતો, અને એણે એ યોહેઈને આપ્યો. "આ માછલીઓ માટે પૈસા છે. વધારાના પૈસા તારી પાસે રાખ અને એનાથી તારા પિતાની દેખભાળ કરજે." યોહેઈએ વેપારીની સામે વારે-વારે ઝૂકીને પ્રણામ કરીને આભાર વ્યક્ત કર્યો.









બિલાડી દ્વારા આમંત્રિત, એક પછી એક લોકો યોહેઈના ઘરે આવ્યા. બપોર સુધી યોહેઈના બંને ડ્રમની માછલી વેચાઈ ગઈ. ગ્રાહકોએ એની બિલાડીની પ્રશંસા કરી અને બીજે દિવસે પાછા આવવાનો વાયદો પણ કર્યો. યોહેઈ એના પિતાની દેખભાળ કરતા-કરતા માછલીઓ પણ વેચી શક્યો.

એ દિવસથી સફેદ બિલાડી યોહેઇ સાથે રહેવા લાગી અને ગ્રાહકોને બોલાવી-બોલાવીને લાવવા લાગી. દૂર-દૂરથી લોકો બિલાડીના બોલાવવાથી યોહેઈના ઘરે આવવા લાગ્યા. યોહેઇ વધારે ને વધારે માછલીઓ વેચી શક્યો, અને થોડા સમયમાં એ પોતાની દુકાન ખોલી શક્યો. ધીરે-ધીરે દવાથી યોહેઈના પિતાની તબિયત સુધરવા લાગી. બધા અન્ય વેપારી પણ યોહેઇ પાસે હતી એવી એક ચતુર બિલાડીની ઈચ્છા કરવા લાગ્યા.





અને આ રીતે બિલાડી જાપાનમાં સૌભાગ્યનું પ્રતીક બની ગઈ. લોકો યોહેઈની બિલાડીની જેમ એક પંજો ઉપર રાખતી ચિનાઈ માટીની બિલાડીઓ બનાવવા લાગ્યા. નવા ગ્રાહકોને આકર્ષવાની આશામાં અને જૂના ગ્રાહકોનું સ્વાગત કરવા માટે વેપારી એ ચિનાઈ માટીની બિલાડીઓ એની દુકાનમાં રાખવા લાગ્યા.

એટલે આગલી વખતે જયારે તમે જાપાન જાઓ,
અથવા અમેરિકામાં કોઈ એશિયાઇ
રેસ્ટોરન્ટમાં જાઓ, તો ચિનાઈ માટીની
બિલાડી માટે નજર ફેરવજો. જો એ ત્યાં હશે,
તો તમને ખબર પડી જશે કે એ ત્યાં કેમ છે.



સમાપ્ત